# વાંટડા ટોલનાકા પાસે ૧.૪૦ કરોડ રોકડા પકડાયા

**આરોપીઓએ ફોર્ડ ફીગો કારમાં બનાવેલ ચોરખાનામાં રોકડ છુપાવી હતી : રોકડ લઈ ઉદેપુરથી અમદાવાદ આવતા બે શખ્સોની ધરપકડ**

મોડાસા, તા. ૪

શામળાજી માર્ગ પર વાંટડા ટોલનાકા નજીક અરવલ્લી એલસીબી ટીમે બાતમીના આધારે ઉદેપુરથી આવતી ગાડીની તલાસી લેતા ચોરખાનામાં છુપાવેલ રૂ. ૧.૪૦ કરોડ રોકડા લઈ જતા ૨ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ રકમ આંગડીયા પેઢીની છે કે કેમ ? તે બાબતની તપાસ હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લા એલસીબી પી.આઈ. આર.જી. બારોટની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે વાંટડા ટોલનાકા નજીક ફોર્ડ ગાડી નં. જીજે-૧.આર.ઈ.૦૫૯૬ની તલાશી લેતા તેમાં બનાવેલ ચોરખાનામાં છુપાવેલી ૧.૪૦ કરોડ રૂપિયાની ચલણી નોટો મળી આવી હતી. આ નોટો લઈ જતા અજીત કમાભાઈ ચૌહાણ, રહે. ચાંદલોડીયા અને નાગજીભાઈ મોહનભાઈ દેસાઈ રહે. વડગામની ધરપકડ કરી હતી. પોલીસ ટીમે પ્લાસ્ટીકના કોથળામાં વીંટેલા ૧૦૦૦ તથા ૫૦૦ની નોટોના બંડલો જપ્ત કરી સીલ કરી જમા લીધી હતી. ત્યારબાદ આ રકમ ચૂંટણી ફંડ માટેની છે કે કેમ તે બાબતની તપાસ પણ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા રોકડ અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# અરવલ્લીના વનવિસ્તારોમાં રસમલાઈના નામે જાણીતા સીતાફળનું વિપુલ ઉત્પાદન

## અરવલ્લીના સીતાફળ દેશના મુખ્ય શહેરોમાં જાણીતા

મોડાસા, તા. ૪

અરવલ્લીની ગીરીમાળાઓ શામળાજી, માલપુર, ભીલોડાના જંગલોમાં રસમલાઈના નામે પ્રખ્યાત સ્વાદિષ્ઠ સીતાફળોના વૃક્ષોની હારમાળા જોવા મળે છે. અરવલ્લીના જંગલોમાં પાકતા સીતાફળ વનમંડળી અને વનવિભાગ દ્વારા સંરક્ષણ હેઠળ તૈયાર થતા કુદરતી જંગલોના સ્વાદિષ્ટ સીતાફળ રાજયના અમદાવાદ, વડોદરા, સુરત ઉપરાંત મુંબઈ સહિતના શહેરોમાં સીતાફળના ફળને સક્ષમ બોક્સ પેકિંગ કરી મોકલવામાં આવે છે. દર વર્ષે વનવિભાગ દ્વારા



સ્વાદની દૃષ્ટિએ અન્ય જગ્યાએ થતા ઉત્પાદન અને પાકની દૃષ્ટિએ સૌથી સ્વાદિષ્ટ સ્વાદના લીધે ભારત દેશમાં અને સમગ્ર ગુજરાત રાજયમાં મોટા શહેરોમાં વિશેષ માંગ રહે છે. માલપુર તાલુકાના રસમલાઈ સીતાફળે તો દેશની આઈસ્ક્રીમ અને રબડી, રસમલાઈ બનાવતી કંપનીમાં આગવું સ્થાન જમાવ્યું છે.

અરવલ્લી જિલ્લામાં શિયાળાની મોસમ શરુ થતાંની સાથે જ ઠેર-ઠેર સીતાફળ વેચતા ફેરિયાઓ અને ટોપલીવાળી બહેનો નજરે ચડતી હોય છે. માલપુર જંગલોમાં થતા સીતાફળની જાહેરમાં હરાજી કરી ઈજારો અપાય છે. સીતાફળની વાડીની સંપૂર્ણ વર્ષ દરમિયાન માવજત કરી શિયાળાના મૌસમમાં વિપુલ ઉત્પાદન મેળવી નફો ઉત્પાદન પર નિર્ભર રહે છે. ચાલુ સાલે સીતાફળની વાડીની ઈજારાશાહી ધરાવતા લોકોના જણાવ્યા જણાવ્યા અનુસાર આ વર્ષે સીતાફળનો પાકનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં થવાથી અને દેશના બજારોમાં માલપુરના જાણીતા 'રસમલાઈ' સીતાફળની ડિમાન્ડ હોવાથી માતબર રકમની કમાણી થવાની આશા સેવાઈ રહી છે.

# અરવલ્લીના નાગરિકોને ચૂંટણીમાં મતદાન કરવા કલેક્ટરની અપીલ

મોડાસા, તા. ૪

સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીએ તેના બ્યુગલ ફૂંકી દીધા છે. ત્યારે રાજકીય પક્ષો હરકતમાં આવી ગયા છે અને ઉમેદવારોને ટીકીટની વહેંચણીના મુદ્દે અથવા તો પોતાના પક્ષ તરફી વોટીંગ કરાવવા માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટરે લોકોને લોભ, લાલચ વગર વોટીંગ કરવાનું અહવાન કર્યુ હતું.

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જ્યારથી જાહેર થયા બાદ આચાર સંહિતા અમલમાં આવી છે ત્યારથી રાજકીય પક્ષો કહેજો કે અધિકારીઓ પોત પોતાની હરકતમાં આવી ગયા છે. ત્યારે પક્ષોમાં ટીકીટની વહેંચણી અને મતદારોને આકર્ષવાના પ્રયાસો કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક દ્વારા જિલ્લાના નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે કોઈ પણ જાતની લોભ, લાલચ વગર વધુમાં વધુ મતદાન કરે તેવી અપીલ કરી હતી. પણ નાગરિકોએ પોતે પોતાની ફરજ સમજીને સારા પ્રજાના પ્રતિનિધિ સરકારમાં સારા વહીવટી કામ કરવા માટે મોકલી આપે તો ચોક્કસ રાજ્યના શહેરોના અને ગામડાઓના વિકાસ થઈ શકે.

# અંબાજી ખાતે દારૂની હોમ ડિલેવરી કરતા બુટલેગરોને કોણ નાથશે

પાલનપુર, તા. ૪

અંબાજી ગામ જે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ છે જેમાં કેટલાય વર્ષોથી દારૂની રેલમછેલ ચાલે છે. અંબાજી ગ્રામ પંચાયત નગરજનોને પાણી પુરુ પાડે કે ન પાડે પણ બુટલેગરોને ફોન કરો તો જે બ્રાન્ડનો દારૂ માંગો તે ઘરે બેઠા હાજર કરે છે. તેવા આ માથાભારે બુટલેગરો દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે તો અંબાજી પોલીસ સ્ટેશનના અધિકારીઓને હાથતાળી આપીને આ બુટલેગરો દારૂનું બેફામ અને ખુલ્લખુલ્લાં વેચાણ કરે છે. જેને અંબાજી પોલીસ પકડી પાસામાં ધકેલે તેવી અંબાજી ગ્રામજનોનો માંગણી ઉઠી છે.

# સાબરકાંઠા બેંકના ઈન્સ્પેક્ટરનો વિદાય સમારંભ યોજાયો



ખેડબ્રહ્મા, તા. ૪

સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની ખેડબ્રહ્મા શાખામાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા મુકુન્દભાઈ બી. પટેલની કડીયાદરા શાખામાં બદલી થતાં ખેડબ્રહ્મા સેવા મંડળીઓના સેક્રેટરીઓ દ્વારા તાલુકા સંઘના સભાખંડમાં બુધવારે વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ઈન્સ્પેક્ટર મુકુન્દભાઈને મોમેન્ટો આપી વિદાય આપવામાં આવી હતી. બેંકની ઈન્સ્પેક્શન વિભાગ દ્વારા ઈન્સ્પેક્ટર મદનસિંહ તથા જસુભાઈ પટેલ દ્વારા મોમેન્ટો આપી વિદાય આપવામાં આવી હતી.

ઈન્સ્પેક્ટર મુકુન્દભાઈની સેવાઓને સેક્રેટરીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે સંઘના મેનેજર હરેશભાઈ પટેલ, સેવા મંડળીઓના સેક્રેટરીઓ ચેતનભાઈ પટેલ, રાજેન્દ્રકુમાર પટેલ, માંણકાભાઈ ઠાકરડા, શામળભાઈ પટેલ, ભોગીલાલ ઉપાધ્યાય તથા ભરતભાઈ પટેલ સહીત તમામ સેક્રેટરીઓ હાજર રહ્યા હતા.

# વડવાસા પાસો લકઝરીની ટક્કરે બાઈકચાલકનું સારવાર દરમિયાન મોત

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ પર વડવાસા પાટીયા પાસે સાંજના સમયે પુરપાટ ઝડપે દોડી આવતી લકઝરી બસના ચાલકે રોડ ક્રોસ કરતાં બાઈકને અડફેટે લેતા ગંભીર અકસ્માત થતો હતો જેમાં બાઈક સવારનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.




પ્રાપ્ત માહિતી અનુસાર વડવાસા પાટીયા પાસે મંગળવાર સાંજે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતી મીની લકઝરી નં. આર.જે.૨૭ પીએ-૫૧૦૬નો ચાલક પુરપાટ ઝડપે પોતાના કબજાની લકઝરી બસ હંકારી રોડ ક્રોસ કરતા બાઈક નં. જીજે.૯. સીજી-૬૩૭૫ના ચાલક જસમીત ને જોરદાર ટક્કર મારતા બાઈક ચાલક માર્ગ પર ફંગોળાઈ ગયો હતો.

આથી બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા. તુરંત ૧૦૮ મારફતે સારવાર અર્થે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયારે લકઝરી બસનો ચાલક અકસ્માત સર્જી બનાવ સ્થળે બસ મુકી નાસી છૂટ્યો હતો. આ અકસ્માતમાં સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતું. પ્રાતિંજ પોલીસે લાલજીભાઈ વાલજીભાઈ પટેલની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડાની સેન્ટ્રલ પોલીટેકનીક કોલેજના સર્ટીફિકેટ બોગસ હોવાનો વિદ્યાર્થીઓનો આક્ષેપ

## વિદ્યાર્થીઓએ આ મામલે ભિલોડા પોલીસમાં ફરિયાદ કરી હતી

ભિલોડા, તા. ૩

આપણે જોઈએ તો અત્યાર સુધીમાં કેટલીય જગ્યાએ ચોર, ગઠીયા, લુટારૂઓ અને



છેતરપીંડીવાળા લોકો કેટલીય જગ્યાએ જોવા મળે છે. ત્યારે વિદ્યાદાનમાં છેતરનારા લોકો આજ કાલ વધુ જોવા મળી રહ્યા છે. તેઓ જ વધુ એક કિસ્સો અરવલ્લી જિલ્લામાં ભિલોડાના વિદ્યાર્થીઓમાં રોષ જોવા અને સાંભળવા મળ્યો હતો. આ મામલે વિદ્યાર્થીઓ આખરે પોલીસને શરણે ગયા.



અરવલ્લી જિલ્લાના ભિલોડામાં આવેલ સેન્ટ્રલ પોલીટેકનીક ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા અને ગુજરાત, યુએનઆઈ, યુજીસીના માન્યતા કોર્ષ જેવા કે હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સ્પેક્ટર, ફીમેલ હેલ્થ વર્કર, નર્સિંગ, લાઈબ્રેરી સાયન્સ, મલ્ટી પર્પસ હેલ્થ વર્કર અને લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર જેવા અન્ય કોર્ષનું કાઉન્સીલીંગ આ ભિલોડામાં શરૂ કરવામાં આવ્યા હતા. જેમાં ભિલોડા તથા આજુબાજુના આશરે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.

આ પોલીટેકનીકમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આજે સાથે મળીને ભિલોડા પોલીસ સ્ટેશને આવીને પી.એસ.આઈ. સમક્ષ રજુઆત કરી હતી કે આ કોલેજમાં ત્રણ વર્ષ અભ્યાસ કાર્ય બાદ પણ સર્ટી મળતા નથી અને જેને આ કોલેજના સર્ટી મળ્યા છે તે નકલી ફર્જી સર્ટી છે કેમ કે આગળ જવા માટે કોઈ પણ જગ્યાએ આ સર્ટી કામ લાગતા નથી અને વધુમાં વિદ્યાર્થીઓ એવું જણાવે છે કે કોલેજ સંચાલકો દ્વારા અમારી પાસેથી જે ફી લેવામાં આવે છે ૫૦૦૦ની જગ્યાએ ૫૦૦ અને ૧૦૦૦૦ની જગ્યાએ ૧૦૦૦ રસીદમાં લખવામાં આવે છે. આવા રસીદમાં પણ ચેડા કરવામાં આવે છે. એટલે વિદ્યાર્થીઓની માંગ છે કે આ કોલેજમાં ઓડીટ કરી પોલીસ તપાસ નિષ્પક્ષ રીતે કરવામાં આવે તો ઘણું બધુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતા છે. આ મામલે ભિલોડા પોલીસે કાર્યવાહી કરવા આશ્વાસન આપ્યું હતું.

# ભિલોડામાં જીવદયાપ્રેમીઓ અને ગૌ-રક્ષકો ધ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં જીવદયા પ્રેમીઓ અને ગૌ-રક્ષકો ધ્વારા મામલતદાર જી. કે. પટેલને આવેદનપત્ર અપાયું હતું. અખીલ ભારતીય નવયુગ સંસ્થા, અરવલ્લી જીલ્લા ગૌ-રક્ષક અધ્યક્ષ સંકેતભાઈ ચૌધરી, યજ્ઞેશભાઈ પંચાલ, બિપીનભાઈ પ્રજાપતી, ચેતનભાઈ પટેલ, જીગરભાઈ પટેલ, પપ્પુભાઈ રાવ સહિત જીવદયા પ્રેમીઓ અને ગૌ-રક્ષકોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર પ્લાસ્ટીકનો વપરાશ દિન-પ્રતિ-દિન ખુબ વધ્યો છે જેના ઉપર પ્રતિબંધ મુંકવા માંગણી કરાઈ છે. ભિલોડાના મુખ્ય હાર્દસમા પ્રવેશ ધ્વારો ઉપર દિન ચોરીઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે તે અટકશે. ભિલોડામાં ગૌ-શાળા પાંજરાપોળ માટે જગ્યા ફાળવવા બાબતે સહિત વિવિધ મુદ્દાઓ સંદર્ભે



ઠેર-ઠેર કોમ્પલેક્ષોમાં સી.સી. ટી.વી. કેમેરા લગાવવા જોઈએ. દિન-પ્રતિ-

ગૌ-રક્ષકો ધ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.

# વડથલી હનુમાનકંપા નજીક જીપ પલટી મારી ૧નું મોત ૪ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૪

મેઘરજ તાલુકાના વડથલી હનુમાનકંપા ગામ નજીક રસ્તા ગામ તરફથી આવી રહેલી પ્રાઈવેટ જીપ ગાડી હનુમાનકંપા ગામના વળાંકમાં પલટી મારી જતાં ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા મેઘરજ ખસેડવામાં આવ્યા હતા. જેમાં રાંત વાલાભાઈ ૬૫, વાલચંદ્ર રામજીભાઈ વિહાત ઉં.વ. ૪૩, ગંગા વાલચંદ્ર વિહાત ઉં.વ.૪૨, દિલીપ હાંજાભાઈ ડામોર ઉં.વ. ૨૧ ને ૧૦૮ના ઈ.એમ.ટી.



અચાનક પલટી મારી ગઈ હતી. જેમાં ગાડીમાં સવાર એક મુસાફરનું મોત નીપજયું હતું અને અન્ય ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોચી હતી.

રસ્તા ગામેથી આવી રહેલી રામજીભાઈ વજાભાઈ વિહાત ઉં.વ. હાંજાભાઈ ઉં.વ. ૪૫ રહે. ગોહલીયાનું મોત નીપજયુંહતું. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી. ઈજાગ્રસ્ત થયેલામાં હિરેન પટેલ અને પાઈલોટ કમલેશ મકવાણાએ મૃતકના ખીસ્સામાંથી પડી ગયેલ દશ હજાર રૂપિયા એકઠા કરી મૃતકના ભાઈને આપીને પોતાની ઈમાનદારી દેખાડી હતી.

# વ્યાજખોરોના ત્રાસથી વડાલીના ત્રણ યુવાનોએ ઝેરી દવા ગટગટાવી

વડાલી, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વ્યાજખોરો દ્વારા કેટલાક લોકો પાસેથી તગડુ વ્યાજ લઈને ધંધો કરે છે ત્યારે કેટલીક વખતે દેવું ભરપાઈ ન થવાને કારણે તેઓ વ્યાજખોરાના ત્રાસનો ભોગ બને છે. દરમ્યાન બુધવારે વડાલીના પાંચ યુવાનોએ વ્યાજખોરોના ત્રાસથી બચવા માટે કલેક્ટર સમક્ષ રજુઆત કરવા આવ્યા હતા. પરંતુ ચૂંટણીને લઈને તેઓ હાજર ન હોવાથી આ પાંચ પૈકી ત્રણ યુવાનોએ મામલતદાર કચેરીની સામે જ ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને તરત જ મામલતદારે સરકારી વાહનમાં સારવાર માટે હિંમતનગર સિવિલમાં મોકલી આપ્યા હતા. જ્યાં તેમની પાસેથી ચિઠ્ઠીઓ મળી આવી હતી. જે બી-ડીવીઝન પોલીસે કબજે લીધી હતી.

આ અંગેની વિગત એવી છે કે વડાલીમાં રહેતા આરીફભાઈ કાદરભાઈ મેમણ (ઉં.વ.૩૨), રજાકભાઈ સત્તારભાઈ મેમણ (ઉં.વ.૩૪), રઈશભાઈ ઈબ્રાહીમભાઈ મેમણ, સલીમ, એ. મેમણ, વારીસ ગુલામભાઈ મેમણ (પાંચેય રહે. ગુલશન પાર્ક) એ વડાલીના લાલાભાઈ જયસ્વાલ, જગતસિંહ પરમાર અને રાજુભાઈ પરમાર પાસેથી કેટલાક નાણાં થોડા સમય અગાઉ વ્યાજે લીધા હતા.

## યુવાનોએ ચિઠ્ઠીમાં શું લખ્યું છે ?

વ્યાજખોરોના ત્રાસથી કંટાળેલા યુવાનોનું કહેવું છે કે અમોએ મુદ્દલ અને વ્યાજ ચૂકવી દીધુ હોવા છતાં વ્યાજખોરો દ્વારા અમને ધમકી આપવામાં આવતી હતી. જેના કારણે અમોએ અમારી પત્નિના દાગીના પણ વેચી દીધા હતા તથા હવે અમારી પાસે કોઈ મિલ્કત નથી, તેમ છતાં ત્રાસ આપવામાં આવતો હતો.

બીજી તરફ આ પાંચેય યુવાનો સમયસર નાણાં ભરપાઈ કર્યા હોવા છતાં ધીરધાર કરનાર ત્રણેય ફાયનાન્સરોએ ઉઘરાણી શરૂ કરી હતી.પરંતુ તેઓ વ્યાજ સાથે નાણાં ભરપાઈ ન કરી શકતા ધાક-ધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપ ત્રણેય યુવાનોએ કર્યો છે. જેથી તેમણે થોડા સમય અગાઉ આ અંગે જિલ્લા કલેક્ટરને રજુઆત પણ કરી હોવાનું તેમનું કહેવું છે. પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં આરીફ કાદરભાઈ મેમણ, રજાક સત્તારભાઈ મેમણ અને રઈશ ઈબ્રાહીમભાઈ મેમણ તથા અન્ય બે યુવાનો બુધવારે હિંમતનગર કલેક્ટર કચેરીમાં આવ્યા હતા.

પરંતુ કલેક્ટર પી. સ્વરૂપ સરકારી કામ અર્થે ગાંધીનગર હતા. જેથી આ યુવાનોએ અધિક કલેક્ટર એસ. ડી. ધાનાણીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેઓ પણ હાજર ન હતા. જેથી આરીફ મેમણ, રજાક મેમણ અને રઈશ મેમણે કલેક્ટર કચેરીના ભોંય તળિયે આવેલ મામલતદાર કચેરી સામે જ ઉંદર મારવાની દવા પી લીધી હતી.

જેથી તેમની તબિયત લથડી હતી. ત્યારબાદ મામલતદાર એચ.કે. ગઢવીએ આ ત્રણેયને સરકારી વાહનમાં જ સારવાર માટે હિંમતનગર સિવિલમાં મોકલી આપ્યા હતા. જ્યાં ફરજ પરના ડો. વેકરીયાએ જણાવ્યું હતું કે સમયસર સારવાર મળવાને કારણે ત્રણેયની તબિયત સુધારા પર છે.

# એન.સી.પી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એકલા હાથે ચૂંટણી લડવા તૈયાર

મોડાસા, તા. ૪

સાબરકાંઠા અરવલ્લી જિલ્લા સહિત ગુજરાતમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ એકલે હાથે ચૂંટણી લડવા તૈયાર છે. તેવું રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના પ્રદેશમંત્રી મનોજભાઈ પટેલ તથા પ્રદેશ યુવા મંત્રી ચિંતન દરજીએ જણાવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં એન.સી.પી. પણ ચૂંટણી લડશે. એન.સી.પી.ના પ્રદેશ પ્રમુખ જયંતિભાઈ પટેલ (બોસ્ટી) અને એન.સી.પી.ના પ્રદેશ કક્ષાએથી ઉપરોક્ત નિર્ણયની જાહેરાત કરવામાં આવી હોવાનુ અરવલ્લી જિલ્લા એન.સી.પી. કાર્યકર મનોજ પટેલે જણાવ્યું છે.